Paper Code - 3543

B.A.B.Ed Semester-III (Sociology)
July-September-2021

CC 305 Social Problems in India – 1 (ભારતની સામાજિક સમસ્યાઓ ભાગ -૧)

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(૧) સામાજિક સમસ્યાઓ સમાજમાં કેવી ગણવામાં આવે છે ?
(A) ઇચ્છનીય (B) અનિચ્છનીય (C) પ્રારબ્ધલક્ષી (D) સારી

(૨) કોના મતે સામાજિક સમસ્યાઓ લોકોએ સ્વીકારેલા એક કે વધુ ધોરણોનો ભંગ છે ?
(A) સોરોકીન (B) નિસ્બેત (C) થોમસ (D) બૂઝ

(૩) કોના મતે સામાજિક સમસ્યા લોકોની નોંધપાત્ર સંખ્યા પર અસર કરે છે ?
(A) હોર્ટન અને લેસ્લી (B) નિસ્બેત (C) થોમસ (D) બૂઝ

(૪) સામાજિક સમસ્યાઓ એ કેવી પરિસ્થિતિ છે ?
(A) ઈચ્છનીય (B) આક્ષેપાત્મક (C) સારી (D) મધ્યમ

(૫) કોણ સામાજિક સમસ્યાને આક્ષેપાત્મક પરિસ્થિતિ ગણે છે ?
(A) રૂબિંગટ્ન અને વેઇનબર્ગ (B) રોઝ (C) થોમસ (D) રોબર્ટ બર્સ્ટીડટ

(૬) બાળ મજુરી એ કેવી સમસ્યા છે ?
(A) સામાજિક (B) આર્થિક (C) વ્યક્તિગત (D) રાજકીય

(૭) પ્રત્યેક બૌદ્ધિક વિશ્લેષણ શેના પર આધારિત હોવું જોઈએ ?
(A) હેતુ (B) પદ્ધતિ (C) તથ્યો (D) જ્ઞાન

(૮) વિકાર્યનો ખ્યાલ કોણે આપ્યો છે?
(A) થોમસ (B) રોઝ (C) સોરોકીન (D) મર્ટન

(૯) કોના મતે ભૂમિકા ભજવણીની નિષ્ફળતા હંમેશા ઇરાદાપૂર્વકની હોતી નથી?
(A) હોર્ટન અને લેસ્લી (B) નિસ્બેત (C) મેરિલ (D) બૂઝ

(૧૦) કોઈ પણ વસ્તુ ને સારી કે ખરાબ ગણવી તેમાં કયો ખ્યાલ વ્યક્ત થાય છે ?
(A) વસ્તુલક્ષીતા (B) કાર્યાત્મક (C) મૂલ્યાંકન (D) નિષ્પક્ષતા

(૧૧) જે સમસ્યાનું મૂળ સમાજના માળખામાં હોય તેવી સમસ્યાઓને કેવી સમસ્યાઓ કહેવાય ?
(A) સામાજિક (B) માળખાકીય (C) આર્થિક (D) રાજકીય

(૧૨) ભારતમાં કુલ કેટલાં ટકા અનુસુચિત જાતિઓ છે ?
(A) ૧૫ (B) ૧૨ (C) ૧૪ (D) ૧૬

(૧૩) પરંપરાગત ભારતીય સમાજમાં અસ્પૃશ્ય માનતા લોકો માટે ગાંધીજીએ કયો શબ્દ આપ્યો ?
(A) હરીજન (B) જન (C) ભક્તજન (D) માનવ

(૧૪) કોના મતે સામાજિક અને નાગરિક જીવનની અસમર્થતાઓથી પીડાતી જ્ઞાતિઓ અસ્પૃશ્ય જ્ઞાતિઓ ગણાય છે ?
(A) મજુમદાર (B) ટી.કે. ઓમન (C) કોમ્ટ (D) શ્રીનીવાસ

(૧૫) મહારાષ્ટ્રમાં કોણે અનુસૂચિત જાતિઓમાં સામાજિક સુધારણા માટે પ્રાદેશિક સ્તરે કાર્ય કર્યું ?
(A) મજુમદાર (B) ટી.કે. ઓમન (C) જ્યોતિબા ફૂલે (D) શ્રી નીવાસ

(૧૬) અખિલ ભારતીય નેતા તરીકે કોણે રાષ્ટ્રીય કક્ષાએ અનુસૂચિત જાતિઓમાં સુધારણા ચળવળ ચલાવી ?
(A) મજુમદાર (B) ટી.કે. ઓમન (C) જ્યોતિબા ફૂલે (D) આંબેડકર

(૧૭) પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ એક્ટ ક્યારે અમલમાં આવ્યો ?
(A) ૧૯૯૯ (B) ૧૯૭૮ (C) ૧૯૯૦ (D) ૧૯૭૫

(૧૮) પરંપરાગત ગ્રામ સમુદાયમાં વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે પારસ્પરિક સેવાના સંબંધો એટલે...?
(A) જજમાની પ્રથા (B) સેવાભાવી પ્રથા (C) બહુમાની પ્રથા (D) સહભાગી પ્રથા

(૧૯) કોના મતે વર્ચસ્વ જ્ઞાતિઓના આગેવાનો રૂઢીચુસ્ત હોય છે ?
(A) મજુમદાર (B) ટી.કે. ઓમન (C) જ્યોતિબા ફૂલે (D) શ્રીનીવાસ

(૨૦) ભારત કેવો સમાજ છે ?
(A) એકમુખી (B) બિનસાંપ્રદાયિક (C) સાત્વિક (D) નાસ્તિક

(૨૧) દહેજ અને છૂટાછેડા- એ કેવી સમસ્યા છે?
(A) સામાજિક (B) આર્થિક (C) વ્યક્તિગત (D) રાજકીય

(૨૨) _____ દહેજ પ્રતિબંધક સુધારણા ધારો છે ?
(A) ૧૯૮૮ (B) ૧૯૬૮ (C) ૧૯૮૪ (D) ૧૯૬૬

(૨૩) કોના અભ્યાસ અનુસાર અભ્યાસ હેઠળની બધી સ્ત્રીઓ દહેજપ્રથા વિરૂધ્ધના મતની હતી ?
(A) ચંદ્રિકાબેન (B) રમા મહેતા (C) શ્રી નિવાસ (D) તારા બેન

(૨૪) કોના મતે,દહેજપ્રથા અધિલગ્નપ્રથા, યોજિત લગ્નપ્રથા અને અંતર્લગ્નપ્રથા સાથે સંકળાયેલી છે ?
(A) હોર્ટન અને લેસ્લી (B) નિસ્બેત (C) શ્રી નિવાસ (D) બૂઝ

(૨૫) દહેજપ્રથા શેના સાથે સંકળાયેલી છે ?
(A) વડીલોયોજિત લગ્નપ્રથા (B) સ્વ-પસંદગી લગ્ન (C) માનવતાવાદી વલણ (D) ન્યાય

(૨૬) _____ દાંપત્યજીવન જીવન પર વિપરીત અસર કે સામાજિક પરિણામો નીપજાવે છે ?

(A) જાતીકરણ (B) જ્ઞાતિકરણ (C) સંસ્કૃતિકરણ (D) દહેજ

(૨૭) દહેજપ્રથા સ્ત્રીના કેવા સ્થાનનો નિર્દેશ કરે છે છે?

(A) ઉચ્ચ (B) મધ્યમ (C) નિમ્ન (D) સ્થિર

(૨૮) શેનાથી પતિ-પત્ની તરીકેના દરજ્જાનો અંત આવે છે

(A) ઝઘડા (B) છુટાછેડા (C) દેવું (D) લગ્ન

(૨૯) શેના કારણે કેટલીક સ્ત્રીઓને ફરજીયાત અપરણિત રહેવું પડે છે?

(A) દહેજ (B) જેઠવટું (C) દિયરવટું (D) છુટાછેડા

(૩૦) કેવી વિચારસરણી ધરાવતા લોકોમાં છૂટાછેડાનું પ્રમાણ વધુ જોવા મળે છે ?

(A) આધુનિક (B) નવીન (C) રૂઢીવાદી (D) મધ્યમ

(૩૧) કઈ સાલમાં ૨૧૩ લાખ લોકો વિસ્થાપિત થયા હતા ?

(A) ૧૯૫૧ થી ૧૯૯૦ (B) ૧૮૦૦ થી ૧૮૪૨ (C) ૧૯૮૧ થી ૧૯૯૦ (D) ૧૯૦૦ થી ૧૯૫૦

(૩૨) _____ એ વિકાસની પ્રક્રિયાની આડપેદાશરૂપ ઉદભવેલી એક સમસ્યા છે ?

(A) ભૂખમરો (B) ગરીબી (C) બેકારી (D) ગ્રાહકવાદ

(૩૩) ઉપભોક્તાના ખ્યાલમાં શેનો ખ્યાલ અભિપ્રેત થાય છે?

(A) ગ્રાહક (B) મજુર (C) વેપારી (D) સંઘ

(૩૪) કયા વર્ગની વર્તમાન પેઢી ઉપભોક્તાવાદી જીવનશૈલીની મહત્વકાંક્ષા સેવે છે?

(A) અમીર વર્ગ (B) મધ્યમ વર્ગ (C) ગરીબ વર્ગ (D) વેપારી વર્ગ

(૩૫) મધ્યમવર્ગની જીવનશૈલીમાં શું કેન્દ્રવર્તી હોય છે?

(A) અમીરી (B) ગરીબી (C) ઉપભોક્તાવાદ (D) મોજ-શોખ

(૩૬) વેચાણ – દુકાનદાર – ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેના સબંધો કેવા હોય છે ?

(A) આર્થિક (B) મધ્યમ (C) સામાજિક (D) રાજકીય

(૩૭) કોના મતે ઉપભોક્તાવાદના ચિત્રમાં એકબાજુ સ્વસ્થ પ્રતિક્રિયા જોવા મળે છે તો, બીજી બાજુ ઉપભોગ વર્તનમાં અબૌદ્ધિક ઉપભોક્તાવાદ છે ?

(A) કોમ્ટ (B) યોગેન્દ્ર સિંધ (C) પાણીની (D) શ્રીનિવાસ

(૩૮) ગ્રાહક કલ્યાણ નિધિની રચના ક્યારે કરવામાં આવી છે ?

(A) ૧૯૮૨ (B) ૧૯૮૬ (C) ૧૯૯૨ (D) ૧૮૭૫

(૩૯) ગ્રાહકોના અધિકારોને રક્ષણ આપતો ગ્રાહક સુરક્ષા ધારો ૧૯૮૬ ક્યારે અમલમાં આવ્યો?

(A) ૯ જુલાઈ,૧૮૮૬ (B) ૪ જુલાઈ,૧૯૮૪ (C) ૨૨ જુલાઈ,૧૯૯૯ (D) ૧ જુલાઈ,૧૯૮૭

(૪૦) ગ્રાહકોની ફરિયાદો સાંભળવા અને નિરાકરણ માટે કેન્દ્ર અને રાજ્યકક્ષે શેની રચના કરવામાં આવી છે ?

(A) ગ્રાહક સુરક્ષા પંચ (B) ગ્રાહક સુરક્ષા નિયમ (C) ગ્રાહક સુરક્ષા કમિટી (D) ગ્રાહક સુરક્ષા અધિનિયમ

(૪૧) કોમવાદ એ કેવી મનોવૃત્તિ કે ભાવના છે ?

(A) વિશાળ (B) આધુનિક (C) સંકુચિત (D) મધ્યમ

(૪૨) _____ એ કોમના પ્રભાવની અયોગ્ય રીતે ઉપયોગ કરવાની મનોવૃત્તિ છે

(A) કોમવાદ (B) ઉપભોક્તાવાદ (C) સમુહવાદ (D) જુથવાદ

(૪૩) લોકશાહી, સમાનતા, સ્વાતંત્ર્ય , બિનસાંપ્રદાયિકતા વગેરે કેવા મૂલ્યો છે ?

(A) આધુનિક (B) રૂઢીવાદી (C) જુના (D) પરંપરાગત

(૪૪) " ધર્મ, ધર્મ તરીકે કોમવાદ માટે જવાબદાર નથી. " ---એવું જણાવનાર વિદ્વાન...

(A) શ્રી નિવાસ (B) ડો. બીપીનચંદ્ર (C) તારા બેન (D) ડી.પી. મુકરજી

(૪૫) નવી પેઢીનું સામાજીકરણ કરવામાં કોનો અગત્યનો ફાળો છે

(A) શિક્ષણ (B) સંસ્થાઓ (C) મુલ્યો (D) ફેશન

(૪૬) આધુનિકયુગમાં કોણ લોકમાનસ ઉપર પ્રભાવ પાડવામાં અગત્યનો ભાગ ભજવે છે?

(A) શાળા (B) કુટુંબ (C) સમુદાયો (D) સંચાર સાધનો

(૪૭) હિન્દુ- મુસ્લિમ કોમોના સબંધો સુમેળભર્યા કરવા માટે સરકારે કઈ સમિતિની રચના કરી છે?

(A) રાષ્ટ્રીય કોમ સમિતિ (B) રાષ્ટ્રીય એકતા સમિતિ (C) રાષ્ટ્રીય નિકાલ સમિતિ (D) રાષ્ટ્રીય સુમેળ સમિતિ

(૪૮) _____ એ ભારતની રાષ્ટ્રીય એકતા સામે મોટું અવરોધક પરિબળ બની રહે છે ?

(A) કોમવાદ (B) ઉપભોક્તાવાદ (C) સમુહવાદ (D) જૂથવાદ

(૪૯) કોમવાદની નાબૂદી માટે શેની નાબૂદી કરવી જરૂરી છે ?

(A) સહિષ્ણુતા (B) બિનસાંપ્રદાયિકતા (C) વૈજ્ઞાનિકતા (D) કોમવાદી રાજકારણ

(૫૦) વિશાળ સમાજના ઉપજૂથ તરીકે પેઢી-દર-પેઢીથી વિશિષ્ટ સામાજિક-સાંસ્કૃતિક-ઐતહાસિક પરંપરા ધરાવતા જૂથને _____ કહેવાય.

(A) મંડળ (B) સંસ્થા (C) કોમ (D) જ્ઞાતિ